શ્રદ્ધાના દિવડાને જલતો તું રાખજે, નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે, મનને મંદિર જોજે અંધકાર થાય ના...

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૬૬ | ૨૬ ઓગસ્ટ, ૨૦૨૦, બુધવાર; ભાદરવા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

નવા કેસ

રાજ્ય	૧૦૯૬
અમદાવાદ	૧૫૭
ગાંધીનગર	૨૮

ભારતે પૂર્વી લદ્દાખ સરહદે પર ઈગ્લા મિસાઈલ સાથે જવાનો તહેનાત કર્યા

ઇગ્લા એવી મિસાઇલ છે જેને જવાનો પોતાના ખભા પર રાખીને પ્રહાર કરી શકે છે

ન્યુ દિલ્હી,તા.૨૫

છેલ્લ ઘણા સમયથી લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે સરહદને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદ ધીમે ધીમે ઘટવાને બદલે વધી રહ્યો છે. ચીને ભારત સાથેની સરહદ પર લશ્કરી પ્રવૃતિ પમ વધારી દીધી છે. ત્યારે ભારત પણ ચીનની દરેક ચાલનો જવાબ આપવા માટે સક્ષમ છે. પૂર્વી લદ્દાખ બોર્ડર પર ભારતીય સેનાએ ઈગ્લા મિસાઈલ સાથે જવાનોને તહેનાત કર્યા છે. આ વિસ્તારમાં મહત્વપૂર્ણ ઉંચાવાળી જગ્યાઓ પર ઈગ્લા મિસાઈલ સાથે જવાનોની તહેનાતી કરવામાં આવી છે.

મૂળ રશિયાની બનાવટની આ મિસાઈલ ત્યારે કામ આવશે, જ્યારે દુશ્મન દેશના વિમાનો આપણા એરસ્પેસમાં ઘુસવાનો પ્રયાસ કરશે. સામાન્ય શબ્દોમાં કહીએ તો આ મિસાઈલને ખભા પર રાખીને પ્રહાર કરવાનો હોય છે. આ મિસાઈલ હોલિકોપ્ટર અને ફાઈટર વિમાનને પણ ધરાશયી કરવામાં સક્ષમ છે. એટલે કે દુશ્મનોનું કોઈ પણ વિમાન, ડ્રોન કે હેલિકોપ્ટર

● અનુસંધાન પાન-૭ પર

મહારાષ્ટ્રના રાયગઢમાં પાંચ માળની ઈમારત ધરાશાયી : ૧૦ના મૃત્યુ

રાયગઢ,તા.૨૫

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં કાજળપુરા મહોલ્લા ખાતે તારીક ગાર્ડન નામે એક પાંચ માળની ઈમારત સોમવારે સાંજે ૬.૩૦ વાગ્યે તૂટી પડી હતી, જેમાં ૨૦૦ રહેવાસીઓ દટાઈ ગયા હતાં. આ દુર્ઘટના પહેલા લગભગ એક કલાક સુધી ઈમારત હલી હતી. આ દુર્ઘટનામાં ૧૦ લોકોના મોત થયાં છે. કાટમાળ હેઠળથી ચીસો સંભળાતી હોવાથી અગ્નિશમન દળ, સ્થાનિક પોલીસ, એનડીઆરએફની ટીમો, જિલ્લાધિકારી કાર્યાલયના કર્મચારીઓ અને સ્થાનિકોએ યુદ્ધને ધોરણે કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરી હતી.

મોડી રાત્રે લાઈટ્સ લગાવીને પણ કાટમાળ હટાવવાનું કામ ચાલુ હતું. ઈમારત તૂટી પડવાનો મોટો અવાજ થતાં ઈમારતમાંથી ૧૦થી ૧૫ લોકો બહાર દોડી આવતાં તેઓ બચી ગયા હતા. ઈમારત તૂટી પડવાનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના લોકો પણ ભયભીત થઈ ગયા હતા. આ અંગે વડાપ્રધાન કાર્યાલયે અને ગૃહ પ્રધાન અમિત શાહે દુઃખ વ્યક્ત કર્યું હતું અને દ્રઢઈહ્લને બનતી મદદ કરવા કહ્યું હતું.

ઈમારત તૂટી પડીને સિમેન્ટ, માટી અને ફર્નિચરનો પ્રચંડ ઢગલો થઈ ગયો હતો. અનેક લોકોનો આક્રોશ અને વિહવળતાનો અવાજ કાટમાળ હેઠળથી આવવાથી સ્થાનિકોએ તુરંત મદદકાર્ય શરૂ કર્યું હતું.

કોંગ્રેસમાં ઘમાસાણ યથાવત્

સિબ્બલે કહ્યું મારા માટે દેશ મહત્વનો, પદ નહીં

ન્યુ દિલ્હી,તા.૨૫

કોંગ્રેસનું 'મહાભારત'માં 'પિક્ચર અભી' બાકી લાગી રહ્યું છે. સોમવારના રોજ સોનિયા ગાંધીને ફરીથી પાર્ટીના વચગાળાના અધ્યક્ષા તરીકે પસંદ કર્યા બાદ તેમણે ચિઠ્ઠી લખનાર 'વિરોધી' નેતાઓ આગળની રણનીતિ પર બેઠક કરી હતી. આ બેઠક બાદ આજે કપિલ સિબ્બલે એક ટ્વીટ કરી છે તેના પરથી અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. ગુલામ નબી આઝાદ સહિત કોંગ્રેસના ૨૩ નેતાઓએ સંગઠન બદલવા માટે સોનિયા ગાંધીને પત્ર લખ્યો હતો. આ પત્ર બાદથી પાર્ટીમાં હલચલ મચી ગઈ છે. બીજી તરફ સસ્પેન્ડ નેતા સંજય ઝાએ ચુટકી લેતા પાર્ટીમાં ચાલી રહેલા ઝઘડાને અંતની શરૂઆત ગણાવી દીધી છે.

સિબ્બલના ટ્વીટ પર આજે ઘણી અટકળો શરૂ થઈ ગઈ છે. તેમણે ટ્વિટ કરીને લખ્યું, 'આ કોઈ પદની વાત નથી. આ મારા દેશની વાત છે જે સૌથી મહત્વની છે.'

● અનુસંધાન પાન-૭ પર

ભારતે યુએનમાં પાકના પાંચ જુઠ્ઠાણા ખુલ્લા પાડ્યા

ન્યુ દિલ્હી,તા.૨૫

પાકિસ્તાનના મનમાં ભારત વિરોધી ઝેર એ હદે ભરાયેલું છે કે, તે કોઈપણ હદ સુધી જઈ શકે છે. યુએન સ્થિત ભારતીય મિશને તેના ટ્વિટમાં પાકિસ્તાનના એ દાવાને હાસ્યાસ્પદ ગણાવ્યો કે જેમાં કહેવામાં આવ્યું છે કે ભારતે તેની વિરુદ્ધ ભાડેથી આતંકીઓ રાખ્યા છે. પાકિસ્તાનનો આ દાવો અતિ હાસ્યાસ્પદ હતો. ભારતે પાકિસ્તાનના આ જૂઠાણુંનો પર્દાફાશ કર્યો છે.

ભારતે ઈમરાન ખાન સરકારના વલણ સામે સખત વાંધો ઉઠાવતા કહ્યું છે કે, પાકિસ્તાનના કાયમી પ્રતિનિધિએ પોતાનું નિવેદન ક્યાંથી આપ્યું તે સમજવું મુશ્કેલ છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે આ વાતો પાકિસ્તાનના સ્થાયી પ્રતિનિધિએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કહી હતી. અમે એ સમજવામાં નિષ્ફળ રહ્યાં છે કે પાકિસ્તાનના સ્થાયી પ્રતિનિધિએ તેનું નિવેદન ક્યાં આપ્યું, કારણ કે સુરક્ષા પરિષદ સત્ર આજે બિન સભ્યો માટે ખુલ્લુ જ ન હતું. ભારતીય મિશને આગળ કહ્યું કે નિવેદનમાં પાકિસ્તાનના પાંચ મોટા જુઠ્ઠાણાઓનો ખુલાસો થયો છે.

પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્ર તરફથી જાહેર કરવામાં આવેલું આતંકીઓનું સૌથી મોટું આશ્રયસ્થાન છે. તેમાંથી ઘણાનો પાકિસ્તાનમાં દબદબો છે : ભારત

પાકિસ્તાને દાવો કર્યો હતો કે, અમે દાયકાથી સીમા પારથી ફેલાવવામાં આવી રહેલા આતંકવાદથી પીડિત છે. તેના આ દાવાને ફગાવતા ભારતીય મિશને કહ્યું હતું કે, ૧૦ વાર જુઠ્ઠાણું બોલવાથી તે સાચુ નથી થઈ જતું. ભારતની વિરુદ્ધ સીમા પારથી આતંકવાદ ફેલાવનાર હવે પોતે ભારત તરફથી ફેલાવવામાં આવતા આતંકવાદનો શિકાર હોવાનું કહીને ઢોંગ કરી રહ્યું છે.

પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્ર તરફથી જાહેર કરવામાં આવેલું

● અનુસંધાન પાન-૭ પર

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૨૩૮૭૬૮૨૧	૮૧૮૪૭૯	૧૬૪૧૨૦૩૭
ભારત	૩૧૯૮૪૫૯	૫૮૯૧૨	૨૪૩૦૪૩૪
ગુજરાત	૮૮૯૪૨	૨૯૩૦	૭૧૩૬૧
ગાંધીનગર	૨૨૫૮	૧૩૦	૧૮૫૪

ભારત કોરોનાનું હોટસ્પોટ બન્યું

૨૪ કલાકમાં દેશમાં વધુ ૬૦,૯૭૫ કેસ નોંધાયા : : કુલ કેસ ૩૨ લાખની નજીક : રિકવરી રેટ વધ્યો : રિકવરી રેટ સુધરીને ૭૫.૯૧ ટકા થયો, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૬૫૫૦ દર્દીઓ કોરોનાથી સ્વસ્થ્ય થયા

નવી દિલ્હી, તા. ૨૫

ભારતમાં કોરોના વાયરસનો આતંક હજુ ઘટે તેવા આસાર નથી. દેશમાં રોજ ચેપગ્રસ્તોની સંખ્યા વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે મંગળવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ચેપગ્રસ્તોનો કુલ આંકડો ૩૧ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૦૯૭૫ કેસ નોંધાતા કુલ કેસ ૩૧૬૭૩૨૩ થઈ ગયા છે. ૨૪ કલાકમાં ૮૪૮ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૮૩૯૦ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૭૦૪૩૪૮ એક્ટિવ કેસ છે.

આ સાથે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરીને ૭૫.૯૧ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૬૫૫૦ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૪૦૪૫૮૫ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણાં કરતાં પણ વધારે છે.

છેલ્લે... છેલ્લે...

- મલ્લિકાર્જુન ખડગે રાજસભામાં ગુલામનબી આઝાદનું સ્થાન લેશે.
- ટુ-વ્હીલર પર જીએસટી ઘટાડવા સક્રિય વિચારણા
- પારૂલ યુનિવર્સિટીના સ્થાપક જયેશ પટેલનું અમદાવાદ ખાતે સારવાર દરમિયાન નિધન
- સંસદનું ચોમાસુ સત્ર કોરોના ગાઈડલાઈન મુજબ ૧૪મી સપ્ટેમ્બરથી આરંભાશે

પ્રશાંત ભૂષણ અવમાનના કેસમાં સજાનો ચુકાદો અનામત

એટર્ની જનરલે ભૂષણને માફ કરી દેવા માટે કોર્ટને કહ્યું : સુપ્રીમ કોર્ટે કહ્યું કે ભૂષણને માફીની વાત કરાય છે પણ જો માફી અપાશે તો પણ અમારી સામે આરોપ લગાવાશે

નવી દિલ્હી, તા. ૨૫

પ્રશાંત ભૂષણ અવમાનના કેસમાં સુપ્રીમ કોર્ટે મંગળવારે સજાનો ચુકાદો અનામત રાખ્યો હતો. એટર્ની જનરલ કે કે વેણુગોપાલે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે, ભૂષણને માફ કરી દેવા જોઈએ. જો કોર્ટ આમ કરશે તો બાર એસોસિએશન પણ તેની પ્રશંસા કરશે. તેમણે કહ્યું કે,ભૂષણે દેશમાં ઘણાં સારાં કામ કર્યાં છે. તેમણે ફૂડ સિક્યોરિટી, મજૂરોના અધિકારો અને બુનિયાદી સેવાઓ માટે સારાં કામ કર્યાં છે.

ભૂષણના વકીલ રાજીવ ધવને ભૂષણને સજા ન આપવા માટે વિનંતી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ભૂષણનું ટ્વીટ અનુચિત હતું. સુનાવણી દરમિયાન અટોર્ની

● અનુસંધાન પાન-૭ પર

ભાગેડુ નિરવ મોદીની પત્નિ સામે ઈન્ટરપોલની નોટિસ

નવી દિલ્હી, તા. ૨૫

ભારતની બેંકોનું રૂપિયા ૧૪,૦૦૦ ફુલેકું ફેરવનાર ભાગેડુ નીરવ મોદીની પત્ની સામે ઈન્ટરપોલે રેડ કોર્નર નોટિસ જાહેર કરી છે. નીરવ મોદી સામે તો પહેલેથી રેડ કોર્નર નોટિસ જાહેર છે. ભારતમાં પહેલેથી જ નીરવ મોદીની પત્ની સામે મની લોન્ડરિંગનો કેસ ચાલી રહ્યો છે. ઈન્ટરપોલની રેડ કોર્નર નોટિસને પગલે અપરાધીની આંતરરાષ્ટ્રીય ધરપકડની કામગીરી શરૂ થશે.

● અનુસંધાન પાન-૭ પર

રેલવેની વેબસાઈટ પરથી ૭ લાખ યાત્રીનાં ડેટા લિક થયા

પેસેન્જર્સના કાર્ડ ડિટેઈલ, વ્યક્તિગત માહિતી સામેલ : યુઝર્સની માહિતી જે સર્વરમાં રાખવામાં આવી હતી તે એક્રિપ્ટેડ પણ ન હતું, એમાં પાસવર્ડ પણ ન હોવાનો દાવો

નવી દિલ્હી, તા. ૨૫

ભારતીય રેલવેમાં ટ્રેનની માહિતીથી માંડીને ટિકિટ બુકિંગ માટે ઉપયોગમાં લેવાતી વેબસાઈટ્સ પૈકી એક રેલ યાત્રી વેબસાઈટ પરથી સાત લાખ પેસેન્જર્સ માહિતી લિક થઈ હોવાના અહેવાલ છે. આ માહિતીમાં પેસેન્જર્સના ડેબિટ કાર્ડની ડિટેલ્સ, યુપીઆઈ ડેટા અને પર્સનલ ઈન્ફોર્મેશન સામેલ હતી. પર્સનલ ઈન્ફોર્મેશનમાં નામ, ફોન નંબર, ઈમેલ આઈડી, અને ડેબિટ કાર્ડ નંબર જેવી માહિતી સામેલ થાય છે.

નેક્સ્ટ વેબની એક રિપોર્ટ મુજબ રેલ યાત્રી વેબસાઈટ દ્વારા પેસેન્જર્સ-યુઝર્સનો ડેટા એવા સર્વરમાં રાખ્યો હતો જે સિક્યોર ન હતો. આ લિક વિશે માહિતી ઉજાગર કરનાર ફર્મનું કહેવું છે કે, યુઝર્સની માહિતી જે સર્વરમાં રાખવામાં આવી હતી તે એક્રિપ્ટેડ પણ ન હતું અને એમાં પાસવર્ડ પણ ન હતો. કહેવામાં આવી રહ્યુ છે કે, સામાન્ય વ્યક્તિ પણ આઈપી એડ્રેસની મદદથી ડેટા મેળવી શકે એમ હતું. રિપોર્ટ મુજબ સેફ્ટી ડિટેક્ટિવ્સ નામની સાયબર સિક્યોરિટી ફર્મે આ ડેટા લિકની માહિતી બહાર પાડી હતી. ૧૭ ઓગષ્ટે ફર્મએ આ લિક વિશે સરકારી એજન્સી ઝઈઈને માહિતગાર કરી હતી. જોકે રેલ યાત્રીએ ડેટા લિકના આ ઘટનાને ખોટી ગણાવી છે. તેનુ કહેવું છે કે યુઝર્સની ફાયન્સિયલ ડેટા અને અંગત માહિતી કંપની સ્ટોર નથી કરતી.

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP
ADMISSIONS OPEN 2020-21
School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD
School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector
School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology
Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan
School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.
SWARRNIM EASY FEE
0% Interest Education Loan
Scan to Apply Online
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970
100% Placement in Last 3 Years